અગત્યનું

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 2197
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: ૭/૧૨/૨૦૨૦
સહી:

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૯૭૯-૬૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ના વિષયોના સુધારેલ અભ્યાસક્રમની વિગતો મોકલવા બાબત.

સંદર્ભ:- ૧. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૯૬૯-૩૦૦૯ તા.૦૬/૧૦/૨૦૨૦
૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૮૮૨-૩૯૨૦ તા.૨૬/૧૧/૨૦૨૦
૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૫૦૮-૪૫ તા.૧૭/૧૦/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓનો તણાવ ઓછો કરી શકાય તે હેતુથી સરકારશ્રી દ્વારા મળેલ મંજૂરી અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ પૂરતો જ ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ઘટાડો કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રોથી ધોરણ-૯ થી ૧૨ ના મુખ્ય વિષયોના સુધારેલ અભ્યાસક્રમની વિગતો જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે.

અત્રેના સંદર્ભ-૨ દર્શિત પત્રથી ધોરણ-૧૦ના મરજિયાત વિષયો જેની પરીક્ષા શાળા કક્ષાએ લેવામાં આવે છે તેવા વિષયોનો ધોરણ-૯ અને ૧૦નો અંદાજિત 30% જેટલો અભ્યાસક્રમ ઘટાડવા અંગેની કાર્યવાહી જે તે શાળા કક્ષાએ કરીને તેની વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવા માટે જણાવેલ છે. ઉક્ત પત્રમાં ઉત્તર બુનિયાદી શાળાઓ માટે નીચેના વિષયો દર્શાવેલ છે.

| ક્રમ | વિષયનું નામ અને કોડ નંબર |
|---|---|
| 1. | *કૃષિવિદ્યા (33) |
| 2. | *ગૃહવિજ્ઞાન (25) |
| 3. | *પશુપાલન અને ડેરીવિજ્ઞાન (26) |

5/12

E:\HP-COVID-19 Syllabus\અભ્યાસક્રમમાં ઘટાડો\પરિપત્ર-અભ્યાસક્રમમાં ઘટાડો-ભાષાઓ-04 12 2020 - Copy.docx

૨૦૭/૧૨

Scanned with CamScanner

અત્રેના સંદર્ભ-૩ દર્શિત પત્રથી જણાવ્યા મુજબ ઉત્તર બુનિયાદી પ્રવાહની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦ માં નીચે મુજબના ત્રણ વિષયો રદ્દ કરવામાં આવનાર છે. આ વિષયો શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ થી ધોરણ-૯ માં અને ક્રમશ: શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ થી ધોરણ-૧૦ માં રદ્દ કરવામાં આવનાર છે.

| ક્રમ | રદ્દ કરવાના વિષય |
|---|---|
| 1. | વનવિદ્યા અને વનઔષધિ |
| 2. | વસ્ત્રવિદ્યા |
| 3. | ગ્રામ યંત્ર વિદ્યા |

ઉક્ત વિગતો ધ્યાને લેતાં ઉત્તર બુનિયાદી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં ધોરણ-૧૦ માં ઉપરોક્ત ત્રણ વિષયોનો અભ્યાસ ચાલુ છે. જ્યારે ધોરણ-૯ માં આ ત્રણ વિષયો ચાલુ વર્ષથી રદ્દ થયેલ છે. જેથી ઉત્તર બુનિયાદી શાળાઓમાં ધોરણ-૧૦ માં ઉપરોક્ત ત્રણ વિષયોનો ૩૦% અભ્યાસક્રમ ઘટાડવા અંગેની કાર્યવાહી શાળા કક્ષાએ કરીને તે અંગેની વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(બી. એન. રાજગોર)
સંયુકત નિયામક

બિડાણ: ઉપર મજબ

પરિ. નં. 620

ક્રમાંક:/પરીક્ષા/સુધારેલ અભ્યાસક્રમ /૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૦૮/૧૨/૨૦૨૦

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner